# તમારા ઓઈસ્ટરનો મહત્તમ ફાયદો મેળવો

## ઉપયોગકર્તાઓ માટે માર્ગદર્શિકા

જાન્યુઆરી **2009** થી આગળ સૂચના ન મળે ત્યાં સુધી.



# ઓઈસ્ટર તમારા માટે શું કરી શકે છે?

બસ, ટ્યુબ **(Tube)**, ટ્રામ, ડી.એલ.આર. **(DLR)** તેમજ લંડન ઓવરગ્રાઉન્ડ સેવાઓમાં સિંગલ (એકમાર્ગી) મુસાફરીઓ માટેના પૈસા ચૂકવવાની સૌથી સસ્તી પદ્ધતિ ઓઈસ્ટર છે.

તમારું ઓઈસ્ટર કાર્ડ ફરી ફરીને વાપરી શકાય તેવું છે. તમે તમારા કાર્ડનું ઓનલાઈન સંચાલન કરી શકો છો અને તમારી સીઝન ટિકિટો તેમજ પે એઝ યુ ગોની ક્રેડિટ (તમે વાપરતાં જાવ તેમ ચૂકવતા જાવ પદ્ધતિ માટે તમે તેમાં સંઘરેલા પૈસા)નું રક્ષણ કરી શકો છો.

તમારા ઓઈસ્ટરનો ઉપયોગ કરવાની સારામાં સારી પદ્ધતિ તમને બતાવીને, તમારા ઓઈસ્ટરનો મહત્તમ ફાયદો મેળવવામાં મદદ કરવા માટે આ માર્ગદર્શિકા બનાવવામાં આવી છે - જે તમારો સમય અને પૈસા બંને બચાવશે.



# તમારી મુસાફરી માટે ઓઈસ્ટર વડે પૈસા ચૂકવવા

તમારી મુસાફરી માટે પૈસા ચૂકવવા માટે તમારા ઓઈસ્ટર કાર્ડનો અનેક રીતે ઉપયોગ કરી શકાય છે.

## પે એઝ યુ ગો

**તમે જ્યારે મુસાફરી કરો ત્યારે જ તેના પૈસા ચૂકવો તેવી અનુકૂળતા ઈચ્છતાં હો, તો ઓઈસ્ટર 'પે એઝ યુ ગો' (જેમ વાપરતાં જાવ તેમ પૈસા ચૂકવતાં જાવ) તમારા માટે સારો વિકલ્પ છે.**

પે એઝ યુ ગો વિકલ્પથી તમે તમારી સિંગલ મુસાફરીઓ માટે તમારા ઓઈસ્ટર કાર્ડ ઉપર ક્રેડિટ સંગ્રહી શકો છો, જે રોકડેથી પૈસા ચૂકવવા કરતાં સસ્તું છે. અમારો ધ્યેય એ ખાતરી કરવાનો છે કે ઓઈસ્ટરથી હંમેશાં ઓછામાં ઓછાં ભાડાં લેવામાં આવે. જ્યાં તેવું નહિ થાય ત્યાં અમે તફાવતની રકમ પાછી ચૂકવી આપીશું.

તમારા ઓઈસ્ટર કાર્ડ ઉપરની ક્રેડિટની કોઈ આખરી તારીખ હોતી નથી. તમે તે વાપરો નહિ ત્યાં સુધી તે હંમેશાં તેમાં જમા થયેલી રહે છે. તમે એકવાર તમારી બધી ક્રેડિટ વાપરી લો, એટલે ફક્ત તમારે તે 'ટોપ અપ' કરાવવાની રહે છે.

બીજું વધારે શું જોઈએ, ઓઈસ્ટર ડેઈલી પ્રાઈસ કેપ (દૈનિક ભાવ નિયંત્રણ)થી તમે એક દિવસમાં (સવારે 0430 વાગ્યાથી બીજા દિવસની સવારે 0430 સુધી) ઈચ્છો તેટલીવાર મુસાફરી કરી શકો છો અને તમારે ક્યારેય વન ડે ટ્રાવેલકાર્ડ અથવા એક દિવસીય બસ એન્ડ ટ્રામ પાસ જેટલી કિંમત કરતાં વધારે પૈસા નહિ ચૂકવવા પડે. તમે ક્યારે અને કેવી રીતે મુસાફરી કરો છો તેના આધારે સિસ્ટમ દ્વારા કેપની ગણતરી કરી લેવામાં આવે છે. સાચા ડેઈલી પ્રાઈસ કેપ લાગુ પાડવા માટે, તમારે સાચી રીતે તમારું કાર્ડ ટચ ઈન અને ટચ આઉટ કરવું જરૂરી છે - આની વિગતો માટે 'તમારા ઓઈસ્ટર કાર્ડનો ઉપયોગ કેવી રીતે કરશો' How to use your Oyster card જુઓ.

તમે પહેલીવાર તમારું ઓઈસ્ટર કાર્ડ મેળવશો ત્યારે જો તમે તેમાં ફક્ત પે એઝ યુ ગો માટેની ક્રેડિટ ઉમેરાવશો, તો તમારે £3 ડિપોઝિટ ચૂકવવાની રહેશે જે રીફંડેબલ (પાછી મેળવી શકાય તેવી) હોય છે.

એક ઓઈસ્ટર કાર્ડ ઉપર પે એઝ યુ ગો ક્રેડિટનો ઉપયોગ કરીને એક સમયે કોઈ એક જ વ્યક્તિ મુસાફરી કરી શકે છે. પરંતુ જો તમે તે વાપરતાં ન હો, અને તેમાં પે એઝ યુ ગો માટેની વયસ્ક વ્યક્તિના દરની ક્રેડિટ નંખાવેલી હોય, તો તે કોઈ મિત્રને વાપરવા માટે આપી શકો છો.

## ઓટો ટોપ-અપ

**જો તમે પે એઝ યુ ગો વાપરતાં હો, તો ઓટો ટોપ-અપની ગોઠવણ કરી દેવાથી તમે હજુ પણ વધારે સમય બચાવી શકો છો.**

આમ કરવાથી, તમારે કાર્ડમાં ક્રેડિટ નંખાવવા માટે લાઈનોમાં ઊભા રહેવું પડતું નથી. તેના બદલે, તમારા ઓઈસ્ટર કાર્ડમાં જ્યારે પણ £5 કરતાં ઓછા પૈસા બાકી રહેશે ત્યારે તેમાં આપમેળે જ £20 કે £40ની ક્રેડિટ (તમે જે પસંદ કરેલી હશે તે રકમ) ઉમેરી દેવામાં આવશે. એટલે કે પે એઝ યુ ગો માટે ક્યારેય તમારા કાર્ડમાં ક્રેડિટ ખલાસ નહિ થાય.

ઓટો ટોપ-અપની ગોઠવણ કરવા માટે જુઓ **tfl.gov.uk/oyster**



## ટ્રાવેલકાર્ડ અને બસ અને ટ્રામ પાસ સીઝન ટિકિટો

**જો તમે રોજ તે વાપરતાં હો, તો તમારા ઓઈસ્ટર કાર્ડ ઉપર વધુમાં વધુ ત્રણ સીઝન ટિકિટો સંગ્રહી શકાય છે.**

**બસ અને ટ્રામના પાસ** લંડનની તમામ બસો અને ટ્રામો ઉપર વાપરી શકાય છે.

**ટ્રાવેલકાર્ડ્સ**નો ઉપયોગ તમારી ટિકિટ દ્વારા આવરી લેવામાં આવેલા ઝોન્સની અંદરની ટ્યુબ (Tube), ડી.એલ.આર. (DLR), લંડન ઓવરગ્રાઉન્ડ તેમજ નેશનલ રેઈલમાં તેમજ આ નિશાની દર્શાવતી લંડનની તમામ બસોમાં કરી શકાય છે. ઝોન્સ 3, 4, 5અથવા 6 ને આવરી લેતું કોઈપણ ટ્રાવેલકાર્ડ ટ્રામો ઉપર માન્ય રાખવામાં આવે છે.

કૃપા કરીને યાદ રાખશો કે સીઝન ટિકિટો ફક્ત તમારા જ ઉપયોગ માટે છે. સીઝન ટિકિટો વિશે વધારે માહિતી માટે, જુઓ **tfl.gov.uk/fares**

## સીઝન ટિકિટો અને પે એઝ યુ ગોનું મિશ્રણ

તમારી અનુકૂળતા મુજબ વાપરી શકો કેવી રીતે ઓઈસ્ટર  બનાવવામાં આવ્યું છે. તમે એક જ કાર્ડ ઉપર ટ્રાવેલકાર્ડો, બસ એન્ડ ટ્રામ પાસ સીઝન ટિકિટો તેમજ પે એઝ યુ ગોની ક્રેડિટ પણ સંગ્રહી શકો છો. આનાથી તમારું ટ્રાવેલકાર્ડ માન્ય હોય તે ઝોન્સની બહારના ભાગોમાં પણ તમે મુસાફરીઓ કરી શકો છો. બસ એન્ડ ટ્રામ પાસ ધરાવનારાંઓ પણ ટ્યુબ (Tube), ડી.એલ.આર. (DLR), લંડન ઓવરગ્રાઉન્ડ તેમજ ભાગ લઈ રહેલી નેશનલ રેઈલમાં મુસાફરીઓ માટે આમ કરી શકે છે.

તમારી મુસાફરી ફક્ત એ જ માર્ગો પર થવી જોઈએ જ્યાં પે એઝ યુ ગો સ્વીકારમાં આવતું હોય. જો તમારી મુસાફરીમાં જ્યાં પે એઝ યુ ગો સ્વીકાર્ય ન હોય તેવી નેશનલ રેઈલ સેવાઓ ઉપર મુસાફરી કરવાનો પણ સમાવેશ થતો હોય, તો તમારી મુસાફરીના આ ભાગને આવરી લેવા માટે છાપેલી યોગ્ય ટિકિટ ખરીદવાની રહેશે.

# તમારા ઓઈસ્ટર કાર્ડનો ઉપયોગ કેવી રીતે કરશો

તમે ટ્યુબ, (Tube), ડી.એલ.આર. (DLR), લંડન ઓવરગ્રાઉન્ડ અને ભાગ લેતી નેશનલ રેઈલ સેવાઓમાં સાચું ભાડું ચૂકવો છો તેની ખાતરી કરવા માટે તમારી મુસાફરીની શરૂઆતમાં અને મુસાફરી પૂરી થયે તમારું કાર્ડ પીળા રંગના રીડર ઉપર તમારે અડાડવાનું જ રહેશે. જો તમે તેમ નહિ કરો, તો તે મુસાફરી માટેનું વધુમાં વધુ રોકડ ભાડું તમારી પાસેથી લેવામાં આવશે. બસો ઉપર તમે જ્યારે બસમાં ચડો ત્યારે કાર્ડ અડાડવાનું રહેશે અને ટ્રામ ઉપર તમે ટ્રામમાં ચડો તે પહેલાં ટ્રામ સ્ટોપના પ્લેટફોર્મ ઉપરના પીળા રંગના રીડર ઉપર તમારું કાર્ડ અડાડવાનું રહેશે. પરંતુ આ બંને કિસ્સાઓમાં, તમારે મુસાફરી પૂરી થયે તમારું કાર્ડ અડાડવાનું નથી જ (સિવાય કે તમે ટ્રામ મારફતે વિમ્બલ્ડન જઈ રહ્યાં હો ત્યારે).

તમે જ્યારે તમારું ઓઈસ્ટર કાર્ડ સપાટ પકડીને પીળા રંગના રીડર પર અડાડશો ત્યારે તેના પર એક લીલી લાઈટ થશે અને સાથે એક બીપનો અવાજ (5-10 વર્ષનાં અને 11-15 ઓઈસ્ટર ફોટો કાર્ડ માટે બે કરતાં વધારે બીપના અવાજ) સંભળાશે, જેનો અર્થ એ થાય કે તમારી મુસાફરી માટે તે સ્વીકારી લેવામાં આવ્યું છે. જો રીડર ઉપર લાલ લાઈટ થવાની સાથે બે બીપના અવાજ સંભળાય તો તેનો અર્થ એ કે તમારું ઓઈસ્ટર કાર્ડ નકારવામાં આવ્યું છે. જ્યાં સુધી તમારું ઓઈસ્ટર કાર્ડ મુસાફરી માટે સ્વીકારી લેવામાં ન આવે અથવા તમે તમારી મુસાફરી માટે અલગથી પૈસા ન ચૂકવી દો ત્યાં સુધી તમારે આગળ ન જ વધવું જોઈએ.



## ઓઈસ્ટર ક્યાંથી મેળવશો

તમે **tfl.gov.uk/oyster** પરથી ઓઈસ્ટર ટિકિટ સ્ટોપ્સ પરથી, ટ્યુબ (Tube) અને લંડન ઓવરગ્રાઉન્ડ સ્ટેશનો પરની ટિકિટ ઓફિસોમાંથી અથવા લંડન ટ્રાવેલ ઈન્ફોર્મેશન સેન્ટરોમાંથી ઓઈસ્ટર કાર્ડ મેળવી શકો છો.

તમે દર્શાવેલ કોઈ પણ રીતે ક્રેડિટ ઉમેરાવી શકો છો અથવા સીઝન ટિકિટો રીન્યૂ કરાવી શકો છો:

- ઓનલાઈન **tfl.gov.uk/oyster** (વાર્ષિક બસ એન્ડ ટ્રામ પાસ ઓનલાઈન ફક્ત પહેલીવાર જ ઈશ્યૂ કરાવી શકાય છે)
- ઓઈસ્ટર ટિકિટ સ્ટોપ્સ પર - તમારું નજીકનું સ્ટોપ **tfl.gov.uk/fares** પરથી ઓનલાઈન શોધો
- ટ્યુબ (Tube) અને લંડન ઓવરગ્રાઉન્ડ સ્ટેશનો પરની ટિકિટ ઓફિસોમાંથી અને ટચસ્ક્રીન ટિકિટ મશીનો પરથી
- લંડન ટ્રાવેલ ઈન્ફોર્મેશન સેન્ટરોમાંથી.

## પહેલાંથી ટિકિટો ખરીદવી

7 દિવસના, માસિક અને તેનાથી લાંબા સમયના (વાર્ષિક સહિત) ટ્રાવેલકાર્ડ અને બસ એન્ડ ટ્રામ પાસ સીઝન ટિકિટો નીચેનામાંથી કોઈ રીતે રીન્યૂ કરાવી શકાય છે:

- ઓનલાઈન વધુમાં વધુ 30 દિવસ અગાઉથી (ફક્ત 7 દિવસના, 1, 3 અથવા 6 મહિનાના અને વાર્ષિક ટ્રાવેલકાર્ડ) અથવા ટ્યુબ (Tube) અને લંડન ઓવરગ્રાઉન્ડ સ્ટેશનો પરની ટિકિટ ઓફિસોમાંથી
- ટ્યુબ (Tube) અને લંડન ઓવરગ્રાઉન્ડ સ્ટેશનો પરના ટચસ્ક્રીન મશીનો પર વધુમાં વધુ 4 દિવસ અગાઉથી
- ઓઈસ્ટર ટિકિટ સ્ટોપ્સ પરથી વધુમાં વધુ 7 દિવસ અગાઉથી (7 દિવસના અને માસિક ટ્રાવલકાર્ડો/બસ એન્ડ ટ્રામ પાસ તેમજ વાર્ષિક બસ એન્ડ ટ્રામ પાસો) અને લંડન ટ્રાવેલ ઈન્ફોર્મેશન સેન્ટરો પરથી (7 દિવસના, માસિક, અને વાર્ષિક ટ્રાવેલકાર્ડો અને બસ એન્ડ ટ્રામ પાસો).

ઓઈસ્ટર ફોટોકાર્ડ્સ તેમજ બાળકો, સગીર વયનાં લોકો અને વિદ્યાર્થીઓ માટેનાં વળતરો (ડિસ્કાઉન્ટો) વિશે માહિતી મેળવવા માટે ઓનલાઈન જુઓ અથવા ટ્યુબ (Tube) સ્ટેશનો પરથી અને ઓઈસ્ટર ટિકિટ સ્ટોપ્સ પરથી તે વિશેની પત્રિકા મેળવો.

# તમારા ઓઈસ્ટર કાર્ડનું રક્ષણ કરો

તમે તમારું ઓઈસ્ટર કાર્ડ રજિસ્ટર કરાવેલું હોય અને જો તે ખોવાઈ કે ચોરાઈ જાય, તો તેમાં સંઘરેલી તમારી ક્રેડિટ અને સીઝન ટિકિટો સુરક્ષિત રહે છે - જેથી તમને મનની શાંતિ રહે છે. તમારી નિયમિત મુસાફરીને અસર કરે તેવા મુસાફરીને લગતા છેલ્લામાં છેલ્લા સમાચારો (આયોજિત વિક્ષેપો સહિત) તેમજ નવી સેવાઓ વિશેની માહિતીનો પણ તમને ફાયદો મળી રહે છે.

તમારા કાર્ડનું **tfl.gov.uk/oyster** પર ઓનલાઈન રક્ષણ કરો અથવા તમારા સ્થાનિક ઓઈસ્ટર ટિકિટ  સ્ટોપ, ટ્યુબ (Tube) અથવા લંડન ઓવરગ્રાઉન્ડ સ્ટેશન પરથી તે માટેનું રજિસ્ટ્રેશન ફોર્મ લઈ આવો.

પૂરું ભરેલું રજિસ્ટ્રેશન ફોર્મ તમારા ઓઈસ્ટર કાર્ડ સાથે નીચેનામાંથી કોઈ સ્થળે પાછું આપોઃ

- કોઈ પણ ટ્યુબ (Tube) અથવા લંડન ઓવરગ્રાઉન્ડ સ્ટેશન પરની ટિકિટ ઓફિસ
- ઓઈસ્ટર ટિકિટ સ્ટોપ
- લંડન ટ્રાવેલ ઈન્ફોર્મેશન સેન્ટર.



# નેશનલ રેઈલ પર ઓઈસ્ટર વાપરવું

ઓઈસ્ટર પરનાં ટ્રાવેલકાર્ડોનો ઉપયોગ, તેમાં જેટલા ઝોન્સ માટે પૈસા ચૂકવેલા હોય તેટલા ઝોન્સની અંદર લંડનમાં નેશનલ રેઈલ સેવાઓમાં કરી શકાય છે (હીથ્રો એક્સપ્રેસ (Heathrow Express) સિવાય અને હીથ્રો કનેક્ટ (Heathrow Connect) ઉપર હીથ્રો (Heathrow) અને હેઈઝ (Hayes) અને હાર્લિંગ્ટન (Harlington) વચ્ચે કરવા સિવાય). તમે ઓઈસ્ટર પે એઝ યુ ગો લંડન ઓવરગ્રાઉન્ડ ઉપર વાપરવા ઉપરાંત નીચેની નેશનલ રેઈલ સેવાઓમાં પણ વાપરી શકો છો:

- એમરશમ (Amersham) થી મેરીલબોન (Marylebone)
- ફિન્સબરી પાર્ક (Finsbury Park) થી કિંગ્સ ક્રોસ/મૂરગેઈટ (King's Cross/Moorgate)
- સ્ટ્રેટફર્ડ (Stratford) થી લિવરપૂલ સ્ટ્રીટ (Liverpool Street)
- ટોટનહમ હેલ/સેવન સિસ્ટર્સ (Tottenham Hale/Seven Sisters) થી સ્ટ્રેટફર્ડ (Stratford)
- અપમિનસ્ટર/રેઈનહમ (એસેક્સ) (Upminster/Rainham (Essex)) થી ફેનચર્ચ સ્ટ્રીટ/લિવરપૂલ સ્ટ્રીટ (Fenchurch Street/Liverpool Street) બાર્કિંગ (Barking) થઈને (પરંતુ ફોરેસ્ટ ગેઈટ/મેરિલેન્ડ નહિ) (Forest Gate/Maryland)
- વોલ્થમસ્ટો સેન્ટ્રલ/ટોટનહમ હેલ/સેવન સિસ્ટર્સ (Walthamstow Central/Tottenham Hale/ Seven Sisters) થી લિવરપૂલ સ્ટ્રીટ (Liverpool Street)
- વોટફર્ડ જંક્શન (Watford Junction) થી ક્લેપહમ જંક્શન (Clapham Junction) દક્ષિણ તરફી સેવા (Southern service)
- વોટફર્ડ જંક્શન (Watford Junction) થી યુસ્ટન (Euston) લંડન મિડલેન્ડ સેવા (London Midland service)
- વેસ્ટ ડ્રેયટન/ગ્રીનફર્ડ (West Drayton/Greenford) થી પેડિંગ્ટન (Paddington)
- વેસ્ટ હેમ્પસ્ટેડ(West Hampstead) થેમ્સલિન્ક (Thameslink) થી મૂરગેઈટ/એલિફન્ટ એન્ડ કાસલ/લંડન બ્રિજ (Moorgate/ Elephant & Castle/London Bridge)
- વેસ્ટ રાયસ્લિપ (West Ruislip) થી મેરીલબોન (Marylebone).

કયા સ્થળો પર પે એઝ યુ ગો માન્ય છે તેની યાદીમાં હાલમાં વધારો કરવામાં આવી રહ્યો છે. પે એઝ યુ ગો સ્વીકારવામાં આવે છે તેની ખાતરી કરવા માટે તમે મુસાફરી કરો તે પહેલાં **tfl.gov.uk/fares** પર તપાસી લો અથવા ટ્રેઈન ચાલક કંપનીમાં પૂછી જુઓ.

# વારંવાર પૂછવામાં આવતા પ્રશ્નો

## મારું ઓઈસ્ટર કાર્ડ ખોવાઈ કે ચોરાઈ જાય તો શું કરવું?

જો તમારું ઓઈસ્ટર કાર્ડ ખોવાઈ કે ચોરાઈ જાય, અને જો તે તમે ઓનલાઈન રજિસ્ટર કરાવેલું હોય કે સુરક્ષિત કરાવેલું હોય તો તેમાં રાખેલી તમારી ક્રેડિટ અને/અથવા સીઝન ટિકિટ સલામત રહેશે. તેની તમે ઓનલાઈન **tfl.gov.uk/oyster** પર અથવા ઓઈસ્ટર હેલ્પલાઈનને **0845 330 9876*** પર ફોન કરીને જાણ કરી શકો છો. તમને નવું કાર્ડ મોકલી આપવામાં આવશે અને તમારા જૂના કાર્ડમાં બાકી રહેલી તમારી ક્રેડિટ કે સીઝન ટિકિટ તમારા નવા કાર્ડમાં દાખલ કરી આપવામાં આવશે. જો તમારું ઓઈસ્ટર કાર્ડ રજિસ્ટર કે સુરક્ષિત કરાવેલું નહિ હોય, તો ચોરાઈ કે ખોવાઈ ગયેલા કાર્ડમાં બાકી રહેલી કોઈ ક્રેડિટ અને/અથવા સીઝન ટિકિટોને બદલે અમે નવી આપી શકીશું નહિ.

## મારી પાસેથી મહત્તમ રોકડ ભાડું શા માટે લેવામાં આવ્યું છે?

જો તમે ટ્યુબ (Tube), ડી.એલ.આર. (DLR), લંડન ઓવરગ્રાઉન્ડ કે ભાગ લેતી નેશનલ રેઈલ સેવાઓ ઉપર ટચ ઈન અને ટચ આઉટ નહિ કર્યું હોય તો મહત્તમ રોકડ ભાડું લેવામાં આવે છે. સાચા ભાડાની ગણતરી કરવા માટે, તમારી મુસાફરી ક્યાંથી શરૂ થાય છે અને ક્યાં પૂરી થાય છે તેની ઓઈસ્ટરને જાણ થવી જરૂરી છે.

## મારા ઓઈસ્ટર કાર્ડ ઉપર ‘નેગેટિવ બેલેન્સ’ હોય તો મારે શું કરવું જોઈએ?

તમે હવે પછીની મુસાફરી કરો તે પહેલાં તમારે તે બાકીની રકમ ચૂક્તે કરી દેવા માટે કાર્ડમાં ક્રેડિટ ઉમેરાવવાની રહેશે.

## મને લાગે છે કે મારી પાસેથી વધારે પડતું ભાડું લેવામાં આવ્યું છે. મારે શું કરવું જોઈએ?

જો તમારું કાર્ડ રજિસ્ટર કરાવેલું હોય, તો તમે કરેલી મુસાફરીઓની વિગતો તમે ઓનલાઈન તપાસી શકો છો, અથવા તમારી પાસેથી કેટલું ભાડું લેવામાં આવ્યું છે તે ટચસ્ક્રીન મશીનનો ઉપયોગ કરીને તપાસી લો. જો તમે હજુ પણ તમારા ભાડા વિશે કશું પૂછવા માગતાં હો, તો ઓઈસ્ટર હેલ્પલાઈનને **0845 330 9876*** પર ફોન કરો.

## મારી મુસાફરીમાં મોડું થયું હતું. આના લીધે મારે કેટલા પૈસા ચૂકવવાના થાય તેમાં કોઈ ફેર પડશે?

જો ટ્યુબ (Tube), ડી.એલ.આર. (DLR), લંડન ઓવરગ્રાઉન્ડ અને ભાગ લેતી નેશનલ રેઈલ સેવાઓમાં તમે કાર્ડ ટચ ઈન અને ટચ આઉટ કર્યું હોય તેની વચ્ચેનો સમય અઢી કલાક કરતાં વધારે થઈ જાય, તો તમારી પાસેથી પે એઝ યુ ગો ઉપર જેટલા પૈસા લેવામાં આવતા હોય તેના કરતાં બમણા પૈસા લેવામાં આવી શકે. જો આવું થયું હોય, તો તમને તમારા તે પૈસા પાછા મળી શકે કે નહિ તેની માહિતી મેળવવા માટે ઓઈસ્ટર હેલ્પલાઈનને **0845 330 9876*** પર ફોન કરો.

જો ટ્યુબ (Tube)ની તમારી મુસાફરીમાં, અમારા કાબૂ હેઠળના સંજોગોને કારણે તમને 15 મિનિટ કરતાં વધારે મોડું થયું હોય, તો તમે ‘કસ્ટમર ચાર્ટર ફોર્મ’ Customer Charter form નો ઉપયોગ કરીને તમારા પૈસા પાછા મેળવવાની અરજી કરી શકો છો.

જો લંડન ઓવરગ્રાઉન્ડની તમારી મુસાફરીમાં અમારા કાબૂ હેઠળના સંજોગોને કારણે તમને 30 મિનિટ કરતાં વધારે મોડું થયું હોય, તો તમે તમારી તે મોડી થયેલી સિંગલ મુસાફરીના ભાડા જેટલી કિંમતના પૈસા પાછા મેળવવાની અરજી કરી શકો છો.

કસ્ટમર ચાર્ટર ફોર્મ **tfl.gov.uk/fares** પરથી અથવા ટ્યુબ (Tube) અને લંડન ઓવરગ્રાઉન્ડ સ્ટેશનો પરથી મેળવી શકાય છે.

### મારું ઓઈસ્ટર કાર્ડ કામ ન કરે તો શું કરવું?

ઓઈસ્ટર કાર્ડ કામ કરવાનું બંધ કરી દે તેવું ભાગ્યે જ બને છે, પરંતુ જો તમારું કાર્ડ કામ ન કરે, તો કોઈ કર્મચારી સભ્યનો સંપર્ક કરો અથવા ઓઈસ્ટર હેલ્પલાઈનનો **0845 330 9876*** પર સંપર્ક કરો.

### હું વિમ્બલ્ડન સ્ટેશન પરથી/તરફ જતી ટ્રામ લઉં છું. મારું શું કરવું જોઈએ?

જો તમે વિમ્બલ્ડન જવા માટે ટ્રામ મારફતે મુસાફરી કરતાં હો, તો હંમેશાં તમારી મુસાફરીની શરૂઆતમાં તમારું કાર્ડ ટચ ઈન કરો અને મુસાફરી પૂરી થયે સ્ટેશનમાંથી બહાર નીકળતી વખતે સ્ટેશનના ઝાંપા પાસે ટચ આઉટ કરો. તમે બહાર નીકળો ત્યારે હાથેથી ખોલવાના ઝાંપા પર મૂકેલા પીળા રીડરનો ઉપયોગ કરશો નહિ. જ્યારે **વિમ્બલ્ડનથી** જવા માટે તમે ટ્રામનો ઉપયોગ કરો ત્યારે, હંમેશાં સ્ટેશનના ઝાંપા પાસે કાર્ડ ટચ ઈન કરો અને ટ્રામમાં ચડતાં પહેલાં ટ્રામના પ્લેટફોર્મ પર મૂકેલા પીળા રીડર ઉપર ફરીથી કાર્ડ ટચ ઈન કરો.

### મારા ઓઈસ્ટર કાર્ડનું મારે કેવી રીતે ધ્યાન રાખવું જોઈએ?

- તેને તેના વોલેટમાં રાખો
- તમારા ઓઈસ્ટર કાર્ડને બીજા ક્રેડિટ/ડેબિટ કાર્ડ્સથી અલગ રાખો
- કાર્ડ વાળશો નહિ.

# વધારે મદદની જરૂર છે?

- જુઓ **tfl.gov.uk/oyster**
- ફોન કરો **0845 330 9876***

જાન્યુઆરી 2009

મુદ્રણમાં જતી વખતે તમામ માહિતી સાચી છે. છેલ્લામાં છેલ્લી માહિતી, માટે કૃપા કરીને **tfl.gov.uk/oyster** જુઓ.

વેબસાઈટ

**tfl.gov.uk/oyster**

ઓઈસ્ટર હેલ્પલાઈન નંબર

**0845 330 9876**

* બીટીનાં રહેવાસી ગ્રાહકો માટે, ઓઈસ્ટર હેલ્પલાઈન પર કરવામાં આવતા કોલની કિંમત એક મિનિટના 3.5 પેન્સથી વધુ નહિ થાય (જાન્યુઆરી 2009ના ચાલુ દર મુજબ). બીટી સિવાયની અન્ય ફોન લાઈનો પરથી થતા કોલની કિંમત જુદી હોઈ શકે.